અપીલ અરજી નં.૧૮૭ તા.૧૫–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ફરીદ અબ્દુલગફુર શેખ
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ફરીદ અબ્દુલગફુર શેખની તા.૨૦–૮–૦૯ ની અરજીથી ટેના.નં.૦૩એ–૦૫–૦૬૬૧–૦–૦૦૧, ટેના નં.૦૩એ–૦૭–૦૪૯૧,૦૭૬૫,૦૫૯૧,૦૫૭૧,૦૭૦૧,૦૬૫૧,૦૫૬૫,૦૭૪૧,૦૭૫૧,૦૭૧૧,૦૮૩૧,૦૭૨૧,૦૬૬૧,૦૫૪૧,૦૫૬૧,૦૫૫૧,૦૬૯૧,૦૫૮૧,૦૬૮૧,૦૭૬૧,૦૭૧૫, ૦૭૮૧,૦૭૯૧,૦૮૪૫,૦૮૦૧,૦૮૨૧,૦૬૭૧–૦–૦૦૧ વિગેરેની સને ૧૮૨૫ થી ૧૯૨૨ ની ડાયરેકટેક્ષની ફીલ્ડબુક રજીસ્ટરની નકલ તથા ૧૯૪૦ થી ૧૯૫૫ સુધીની ફીલ્ડ બુક ફોર્મની નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૮૭/૨૦૦૯–૧૦

શ્રી ફરીદ અબ્દુલગફુર શેખની તા.૨૦–૮–૦૯ ની અરજીથી ટેના.નં.૦૩એ–૦૫–૦૬૬૧–૦–૦૦૧, ટેના નં.૦૩એ–૦૭ –૦૪૯૧ , ૦૭૬૫, ૦૫૯૧, ૦૫૭૧ , ૦૭૦૧, ૦૬૫૧, ૦૫૬૫,૦૭૪૧,૦૭૫૧,૦૭૧૧ ,૦૮૩૧, ૦૭૨૧, ૦૬૬૧, ૦૫૪૧, ૦૫૬૧,૦૫૫૧, ૦૬૯૧,૦૫૮૧ ,૦૬૮૧, ૦૭૬૧,૦૭૧૫ ,૦૭૮૧, ૦૭૯૧, ૦૮૪૫,૦૮૦૧,૦૮૨૧,૦૬૭૧–૦–૦૦૧ વિગેરેની સને૧૮૨૫ થી ૧૯૨૨ ની ડાયરેકટ ટેક્ષની ફીલ્ડબુક રજીસ્ટરની નકલ તથા ૧૯૪૦ થી ૧૯૫૫ સુધીની ફીલ્ડ બુક ફોર્મની નકલ આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.એઆરડી/૫૯ તા.૨૮–૮–૦૯થી મળેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૬૮ તા.૨૨–૯–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. પરંતુ અરજદારે અપીલ સાથે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ધ્વારા અરજદારને પાઠવેલ પત્ર નં.એ.આર.ડી/૫૯ તા.૨૮–૮–૦૯ ની નકલ બીડેલ છે.

અરજદારની તા.૨૦–૮–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ ટેનામેન્ટના ફીલ્ડબુક રજીસ્ટરની પ્રોપર્ટી ટેક્ષની ૧૮૨૫ થી ૧૯૨૨ સુધીની નકલો તથા ફીલ્ડ બુક ફોર્મ ૧૯૪૦ થી ૧૯૫૫ ની માંગણી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.એઆરડી/૫૯ તા.૨૮–૮–૦૯ થી જાહેર માહિતી અધિકારી તરફથી " ગુજરાત મ્યુનસિપાલીટી રેકર્ડ રૂલ્સ એકટ૧૯૬૩ ની કલમ–૨૭૧ (ઈ) હેઠળ નકકી થયેલ સુરત મહાનગરપાલિકાના રેકર્ડના નિયમો મુજબ આકારણી ખાતાનો રેકર્ડ કેટેગરી–બી મુજબ ૩૦ વર્ષ સુધી રાખવાનો હોય છે. જે ટેનામેન્ટવાળી મિલ્કતોના સને ૧૮૨૫ થી ૧૯૨૨ તથા ૧૯૪૦ થી ૧૯૫૫ ની સાલનો રેકર્ડ રેકર્ડ વિભાગમાં ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. " તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે અપીલમાં જણાવેલ છે કે રેકર્ડ રુલ્સ ૧૯૬૩ ના નિયમો પૂર્વેના દફતરની માંગણી કરેલ છે. જેથી તે નકલો મળવી જોઈએ તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ ગુજરાત મ્યુનિસિપાલીટીઝ રેકર્ડ રૂલ્સ ૧૯૬૩ ટાંકીને આવી માહિતી ૩૦ વર્ષ સુધી રાખવાની જોગવાઈ પણ જણાવવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

રેકર્ડ રુલ્સ મુજબ નાશ કે નિકાલ કરેલ દફતરની યાદી જાહેર સત્તા મંડળે જાળવવાની રહે છે જેમાં તેવી વિગતો સમાવિષ્ટ હોય અને તેવી બાબતો કલમ–૪ હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતીમાં પણ સમાવિષ્ટ કરવાની રહે છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી દફતર ઉપલબ્ધ ન હોવાથી ગુજરાત મ્યુનિસિપાલીટીઝ રેકર્ડ રૂલ્સ ૧૯૬૩ અનુસાર પૂરી પાડી શકાય તેમ નથી હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ હોઈ માહિતી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

ડે.*કમિશનર(જનરલ),*
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી.(સેન્ટ્રલ ઝોન).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ફરીદ અબ્દુલગફુર શેખ